# INDIAN INSTITUTE OF TEACHER EDUCATION

A State Public University Established by Government of Gujarat

# ભારતીય શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાન

## જાહેરાત: ૦૧/૨૦૨૪

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન (આઈ.આઈ.ટી.ઇ.) ખાતે તદ્દન હંગામી ધોરણે કરાર આધારિત નીચેની જગ્યાઓ ઉપર સેવાઓ લેવા માટે તા. ૦૧.૦૭.૨૦૨૪ને સોમવારના રોજ વોક-ઇન-ઇન્ટરવ્યુ રાખવામા આવ્યા છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | ફીક્સ માસિક વેતન રૂ. |
|---|---|---|---|
| ૧ | ડ્રાયવર | ૩ | ૧૮૦૦૦ |
| ૨ | મેન્ટેનન્સ સુપરવાઇઝર | ૧ | ૧૬૦૦૦ |
| ૩ | પટાવાળા | ૧૦ | ૧૬૦૦૦ |
| ૪ | સ્વીપર | ૩ | ૧૬૦૦૦ |

**વોક-ઇન-ઇન્ટરવ્યુ માટેનું સમયપત્રક:**

| | |
|---|---|
| વોક-ઇન-ઇન્ટરવ્યુની તારીખ | તા. ૦૧.૦૭.૨૦૨૪, સોમવાર |
| ડ્રાયવર અને મેન્ટેનન્સ સુપરવાઇઝરની જગ્યાઓ માટે વોક-ઇન-ઇન્ટરવ્યુનો સમય | સવારે ૧૦.૦૦ કલાકે |
| પટાવાળા અને સ્વીપર જગ્યાઓ માટે વોક-ઇન-ઇન્ટરવ્યુનો સમય | બપોરે ૦૧.૦૦ કલાકે |
| વોક-ઇન-ઇન્ટરવ્યુનું સ્થળ | ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન મહાત્મા મંદિરની બાજુમાં, ખ-૫ પાસે, ખ-રોડ, સેક્ટર ૧૫, ગાંધીનગર – ૩૮૨૦૧૬. |

**સામાન્ય શરતો:**

1. ઉપરની તમામ જગ્યાઓ ઉપર તદ્દન હંગામી ધોરણે કરાર આધારિત ૧૧ માસ માટે સેવાઓ લેવામાં આવશે.
2. આ જગ્યાઓ માટે મહત્તમ વય મર્યાદા ૫૮ વર્ષની રહેશે.
3. ઉમેદવારે નીચે આપેલા નમૂના મુજબ ફોર્મ ભરી, તાજેતરનો ફોટો ચોંટાડી, તેની સાથે જરૂરી પ્રમાણપત્રોની એક નકલ જોડીને ઇન્ટરવ્યુ વખતે સાથે લઈને આવવાનું રહેશે. ઇન્ટરવ્યુ શરૂ કરતાં પહેલા ફોર્મ અને પ્રમાણપત્રોની ચકાસણી કરવામાં આવશે અને ત્યારબાદ જ લાયકાત ધરાવતા ઉમેદવારોને ઇન્ટરવ્યુ પ્રક્રિયામાં સામેલ કરવામાં આવશે.
4. આ જગ્યાઓ માટે તા. ૦૧.૦૭.૨૦૨૪ને સોમવારના રોજ વોક-ઇન-ઇન્ટરવ્યુ રાખવામા આવ્યા છે. ડ્રાયવર અને મેન્ટેનન્સ સુપરવાઇઝરની જગ્યાઓના ઇન્ટરવ્યુ સવારે ૧૦.૦૦ કલાકે અને પટાવાળા અને સ્વીપરના ઇન્ટરવ્યુ બપોરે ૦૧.૦૦ કલાકે રાખવામા આવ્યા છે. ઇન્ટરવ્યુ માટેનું સ્થળ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ખ-૫ પાસે, ખ રોડ, સેક્ટર ૧૫, ગાંધીનગર – ૩૮૨૦૧૬ રહેશે. ઉમેદવારે નિયત તારીખે અને સમયે આ સ્થળે સ્વ-ખર્ચે હાજર રહેવાનું છે.

5. ઉપરોક્ત તમામ જગ્યાઓ ભરવી, ના ભરવી કે તેની સંખ્યામાં ફેરફાર કરવો એ યુનિવર્સિટીનો અબાધિત અધિકાર રહેશે.

**<u>માહિતી હેતુ સંપર્ક:</u>**

ફોન નંબર : ૦૭૯ -

ઈમેઈલ : recruitment@iite.ac.in

વેબસાઇટ : www.iite.ac.in

તા. ૨૪.૦૬.૨૦૨૪ રજીસ્ટ્રાર, આઈ.આઈ.ટી.ઇ.

## <u>જગ્યાઓની વિગત</u>

| ક્રમ | જગ્યાનું નામ | લાયકાત અને અનુભવ | કામનો પ્રકાર અને જવાબદારી |
|---|---|---|---|
| ૧ | ડ્રાયવર | • ધોરણ ૧૦ પાસ અથવા ભારતમાં માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી ધોરણ ૧૦ સમકક્ષ પરીક્ષા પાસ<br>• સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરાયેલ હળવા/મધ્યમ/ભારે મોટર વાહનો માટે માન્ય ડ્રાઇવિંગ લાયસન્સ, જેમાં કોઈ પ્રતિકૂળ એન્ડોર્સમેન્ટ ન હોવું જોઈએ<br>ઇચ્છનીય:<br>• શૈક્ષણિક સંસ્થા/સરકારી વિભાગ/પીએસયુમાં મોટર વાહન ચલાવવાનો ૩ વર્ષનો અનુભવ<br>• નિપુણતાથી ગુજરાતી/હિન્દી વાંચવા અને બોલવામાં સક્ષમ<br>• વ્યસનોથી મુક્ત (દારૂ/તમાકુ/અન્ય નશીલા પદાર્થોનું સેવન કરતાં ન હોવા જોઈએ) | • યુનિવર્સિટીના વાહનો ચલાવવા<br>• લોગબુક અને અન્ય વાહન રેકોર્ડની જાળવણી અને અપડેટ<br>• વાહનની અંદર અને બહાર યોગ્ય રીતે સફાઈ કરવી અને ડીઝલ/પેટ્રોલ ભરાવવું, તેના રેકોર્ડની જાળવણી, વાહનના આંતરિક ભાગને સુઘડ અને વ્યવસ્થિત રાખવા<br>• વાહનોની સામાન્ય જાળવણી, સર્વિસ અને સમારકામ<br>• વાહનોમાં નાની યાંત્રિક ખામીઓને ઠીક કરવામાં સક્ષમ હોવા જોઈએ<br>• સોંપેલ અન્ય તમામ સંબંધિત કામ અને ફરજો બજાવવી |

| ક્રમ | જગ્યાનું નામ | લાયકાત અને અનુભવ | કામનો પ્રકાર અને જવાબદારી |
|---|---|---|---|
| ૨ | મેન્ટેનન્સ સુપરવાઇઝર | • ધોરણ ૭ પાસ અથવા ભારતમાં માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી ધોરણ ૭ સમકક્ષ પરીક્ષા પાસ<br>ઇચ્છનીય:<br>• શૈક્ષણિક સંસ્થા/સરકારી વિભાગ/પીએસયુમાં સંબધિત કામનો ૩ વર્ષનો અનુભવ | • સફાઈ કામદારો, સિક્યુરિટી સ્ટાફ, સફાઈ કર્મચારીઓનું સુપરવિઝન, સલામતી પ્રોટોકોલ અને ગુણવત્તાના ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવું.<br>• વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને સ્ટાફ માટે સલામત, કાર્યાત્મક અને સૌંદર્યની દૃષ્ટિએ આનંદદાયક વાતાવરણ સુનિશ્ચિત કરવા કેમ્પસ સુવિધાઓની જાળવણી અને સમારકામ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવું.<br>• કેમ્પસમાં અને યુનિવર્સિટીના કાર્યક્રમો અને કાર્યો દરમિયાન નિયમિત સ્વચ્છતા જાળવવી<br>• કેમ્પસમાં પ્લાસ્ટિક, જોખમી સામગ્રી અને અન્ય પર્યાવરણને હાનિકારક સામગ્રીનો ન્યૂનતમ ઉપયોગ કરવાની ખાતરી અને ચકાસણી કરવી<br>• કેમ્પસમાં વૃક્ષો, છોડ અને બગીચાઓની દેખરેખ અને જાળવણી<br>• સફાઈ અને જાળવણી કામગીરીની યોજના બનાવવી, પ્રાથમિકતા નક્કી કરવી અને કામગીરી સોંપણી<br>• સફાઈ સામગ્રીનો સ્ટોક જાળવવો, અછત/ઓછા સ્ટોકની જાણ કરવી અને ખરીદી પ્રક્રિયામાં મદદ કરવી<br>• તમામ વિદ્યુત ઉપકરણો, પાણીની વ્યવસ્થા અને શૌચાલયની સુવિધા, પ્લમ્બિંગ, ફર્નિચર અને ફિક્સરની કામગીરી માટે અહેવાલ તૈયાર કરવો અને તેની મરામત/જાળવણીનું ધ્યાન રાખવું, જરૂરી ભાગો/વસ્તુઓનું સંચાલન કરવું<br>• સતત પાણી પુરવઠાની ખાતરી કરવી, પાણીના લીકેજની તપાસ કરવી, અવરોધિત ડ્રેનેજ માટે તપાસ કરવી,<br>• સોંપેલ અન્ય તમામ સંબંધિત કામ અને ફરજો બજાવવી |

| ક્રમ | જગ્યાનું નામ | લાયકાત અને અનુભવ | કામનો પ્રકાર અને જવાબદારી |
|---|---|---|---|
| ૩ | પટાવાળા | • ધોરણ ૮ પાસ અથવા ભારતમાં માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી ધોરણ ૮ સમકક્ષ પરીક્ષા પાસ<br>ઇચ્છનીય:<br>• શૈક્ષણિક સંસ્થા/સરકારી વિભાગ/પીએસયુમાં પટાવાળાની કામગીરીનો ૩ વર્ષનો અનુભવ | • યુનિવર્સિટીના સેન્ટર/શાખામાં સોંપાયેલ કાર્યો કરવા<br>• ઓફિસની સ્વચ્છતા અને સફાઈની કાળજી લેવી, ઓફિસ ફર્નિચર, ફિક્સર અને સાધનોની જાળવણી, વ્યવસ્થા અને સફાઈ<br>• નોટિસ બોર્ડ, વર્ગખંડના બોર્ડ, પ્રયોગશાળાના સાધનોની સફાઈ અને જાળવણી.<br>• ઓફિસમાં ઓફિસ/ઇલેક્ટ્રિકલ અને અન્ય સાધનો ચાલુ અને બંધ કરવા<br>• ઓફિસ, ફર્નિચર, ફિક્સર, સાધનસામગ્રીની સામાન્ય જાળવણી અને સમારકામની જરૂરિયાત/ ખામીની જાણ કરવી<br>• ઓફિસની ફાઇલો, પત્રો, નોટિસો અને પરિપત્રો અને રેકોર્ડની જાળવણી/ગોઠવણી/વિતરણ કરવી, ઓફિસ પોસ્ટ્સ/પાર્સલ લેવા અને વિતરણ કરવા<br>• યુનિવર્સિટીના મહેમાનો/ મુલાકાતીઓની મિટિંગની વ્યવસ્થા સાચવવી<br>• સોંપેલ અન્ય તમામ સંબંધિત કામ અને ફરજો બજાવવી |

| ક્રમ | જગ્યાનું નામ | લાયકાત અને અનુભવ | કામનો પ્રકાર અને જવાબદારી |
| --- | --- | --- | --- |
| ૪ | સ્વીપર | • ધોરણ ૫ પાસ અથવા ભારતમાં માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી ધોરણ ૫ સમકક્ષ પરીક્ષા પાસ<br>ઇચ્છનીય:<br>• શૈક્ષણિક સંસ્થા/સરકારી વિભાગ/પીએસયુમાં સંબધિત કામગીરીનો ૩ વર્ષનો અનુભવ | • યુનિવર્સિટીની ઇમારત, સેન્ટર, શાખાઓ, શેડ, એપ્રોચ રોડને દરરોજ સાફ કરવા<br>• બાથરૂમ, શૌચાલય, યુરિનલ, પાણીની વ્યવસ્થાની જંતુનાશકોથી સાફ કરવા અને ધોવા.<br>• દીવાલો અને છત પર જાળાં, ધૂળ, કચરાની સાફ-સફાઈ<br>• યુનિવર્સિટીના ફર્નિચર, ફિક્સર, સાધનો, કાચની સાફ-સફાઈ<br>• મેદાન અને રમતગમતની સુવિધાઓ તૈયાર કરવી અને જાળવવી<br>• સોંપેલ અન્ય તમામ સંબંધિત કામ અને ફરજો બજાવવી |

# ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન

## અરજી પત્રક – ૨૦૨૪

અરજદારનું નામ :

1. સરનામું :
2. મોબાઈલ :
3. ઈમેઈલ :
4. જન્મ તારીખ : ઉંમર: ________ વર્ષ
5. જાતિ : પુરુષ / સ્ત્રી / અન્ય
6. વૈવાહિક સ્થિતિ : પરિણીત / અપરિણીત / અન્ય
7. ધર્મ :
8. કેટેગરી : સામાન્ય/અનુ. જાતિ/અનુ. જનજાતિ/સા.શૈ.પ.જા./આર્થિક પછાત જાતી
9. અભ્યાસ : (પ્રમાણપત્ર/ માર્કશીટની નકલ જોડવી)

ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ ફોટો

| ક્રમ | વધુમાં વધુ શૈક્ષણિક લાયકાત | પાસ/નાપાસ અને ટકાવારી |
|---|---|---|
| | | |
| | | |
| | | |

10. અનુભવ : (અનુભવની પ્રમાણપત્ર જોડાવું)

| ક્રમ | સંસ્થાનું નામ | અનુભવ – વર્ષ |
|---|---|---|
| | | |
| | | |
| | | |

11. લાઇસન્સની વિગત : (ફક્ત ડ્રાઇવરની જગ્યા માટે)

- લાયસન્સ નંબર :
- લાયસન્સ ઇસ્યુ કર્યા તારીખ :
- લાયસન્સ પૂરું થવાની તારીખ :
- લાયસન્સનો પ્રકાર :
- લાયસન્સ ઇસ્યુ કરનાર :

તા. ________________ ઉમેદવારની સહી

**ફક્ત કચેરીના ઉપયોગ માટે**

જગ્યાનુ નામ :

ઇન્ટરવ્યુની તારીખ :

અરજદારનો ક્રમ નં. :